| | | | |
|---|---|---|---|
| રજૂ કર્યા તારીખ: | ૧૪–૦૭–૨૦૨૬ | | |
| દાખલ તારીખ : | ૧૪–૦૭–૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | ૧૫–૦૭–૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૧ |

## <u>સુરતના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.સુરત.</u>

**ફોજ.પરચુ.અરજી નં. ૧૧૯૪૩/૨૦૨૬**
(ચોક બજાર પોસ્ટે. ગુ.ર.નં.૪૮૯/૨૦૧૭)
ફોજદારી કેસ નં– ૩૨૨૮૭/૨૦૧૮

**ફકીરા ગફુર શેખ**
રહે.– ઘર નં.૨૬૫, ખાજાનગર ગલી નં.૭ માનદરવાજા સુરત.
હાલ રહે.–મધ્યસ્થ જેલ, લાજપોર, સુરત..... . ...... **અરજદાર**

**––– વિરુધ્ધ –––**

**શ્રી સરકાર**
**(ચોક બજાર પોલીસ સ્ટેશન સુરત.)**

..... ...... **સામાવાળા**

**<u>બાબત</u> : <u>બી.એન.એસ.એસ. કલમ–૪૮૦ મુજબ આરોપીની</u>**

**<u>રેગ્યુલર જામીન અરજી...</u>**

<u>**ગુન્હો**–આઇ.પી.સી કલમ–૨૯૫(ક), ૧૮૮, ૪૨૯, તથા ગુજરાત પશુ સંરક્ષણ નવા સુધારા અધિનિયમ–૨૦૧૧ ની કલમ–૬(ખ), ૮</u>

.............................................................................................

અરજદાર તરફે : વિ.વકીલશ્રી એસ.પી.પાલ.
સામાવાળા તરફે : વિ. એ.પી.પી.શ્રી એસ.આર.ધાકરે

.............................................................................................

**–:: <u>ચુકાદો</u> ::–**

(૧) અરજદાર/આરોપી તરફથી હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ–૪૮૦ (ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭) મુજબ આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા માટે દાખલ કરેલ છે.

(૨) સદર અરજદારની જામીન અરજી તથા કેસનું રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ.એ.પી.પીશ્રીનો શેરો કરેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે. વધુમાં અરજદાર/આરોપીના વિ.વકીલશ્રી તથા વિ. એ.પી.પી. શ્રી ની વિગતવાર દલીલો સાંભળવામાં આવેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે હાલની જામીન અરજીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપી સામે કહેવાતા આઇ.પી.સી કલમ- ૨૯૫(ક), ૧૮૮, ૪૨૯, તથા ગુજરાત પશુ સંરક્ષણ નવા સુધારા અધિનિયમ–૨૦૧૧ ની કલમ–૬(ખ), ૮ મુજબના ગુનામાં ચોક બજાર પોલીસ દ્વારા અત્રેની કોર્ટના પકડ વોરંટના આધારે અટક કરીને આરોપીને નામ.કોર્ટ સમક્ષ રજુ કરેલ છે અને હાલના આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે. આરોપી નિયમિત કોર્ટમાં હાજર રહેશે તેવી ખાતરી આપેલ છે. આરોપીના પરીવારની જવાબદારી આરોપી ઉપર છે, તેથી આરોપીને જેલમાં રાખવામાં આવે તો તેના કુટુંબને મુશ્કેલી થાય તેમ છે. જેથી આરોપીને શરતોને આધિન જામીન મુક્ત કરવા અરજ કરેલ છે અને શરતોનું પાલન કરવાની તૈયારી બતાવેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એ આરોપીનું કોઈ ચોક્કસ રહેઠાણ ના હોય અને નાસતો ફરતો હોય તેમજ નામ.કોર્ટમાં હાજર રહેતો ન હોય અને આરોપીને પકડવોરંટના આધારે પકડીને રજુ કરેલ છે, જેથી

આરોપીને જામીન મુકત કરવા સામે વાંધો લીધેલ છે. વધુમાં, એ.પી.પી.શ્રી એ દલીલ કરતા જણાવેલ છે કે, સદર કેસ સને ૨૦૧૮ ના વર્ષનો છે અને આરોપીને ઘણા લાંબા સમયથી વોરંટની બજવણી થતી ન હતી અને કેસની ન્યાયિક કાર્યવાહી વિલંબિત થતી આવેલ છે. જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા સખત વાંધો લીધેલ છે.

(૫) આ કામે આરોપીની અરજી, બંને પક્ષોની દલીલો તથા ફરીયાદની હકીકતો ધ્યાને લેતા, હાલના આરોપી સામે આઇ.પી.સી. ની કલમ- ૨૯૫(ક), ૧૮૮, ૪૨૯, તથા ગુજરાત પશુ સંરક્ષણ નવા સુધારા અધિનિયમ-૨૦૧૧ ની કલમ-૬(ખ), ૮ મુજબના ગંભીર ગુનાના આક્ષેપો છે. આરોપી નિયમિત કોર્ટમાં હાજર રહેવાની ખાતરી આપતા હોય તથા આરોપીની ઉંમર તથા આરોપી સામેના ગુનાના આક્ષેપો તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા, ન્યાયના હિતમાં આરોપીને જામીન મુકત કરવાનુ વ્યાજબી અને ન્યાયી જણાય છે, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// **હુકમ** //

(૧) હાલના અરજદાર/આરોપી ફકીરા ગફુર શેખ ની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) હાલના અરજદાર/આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (રૂપીયા પંદર હજારના) સધ્ધર જામીન અને જાત મુચરકા રજુ કરવાની શરતે આરોપીને જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખઃ ૧૫ મી, માહે-જુલાઇ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

મુ.સુરત.
તા.૧૫/૦૭/૨૦૨૬

(નિલેશ એન.પાથર)
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરત. કોડ નં.જીજે૦૦૮૭૬